| GJBK190000492021 | દાખલ તારીખઃ | ૨૦/૦૧/૨૦૨૧ | | |
|---|---|---|---|---|
| | રજીસ્ટર્ડ કર્યા તારીખઃ | ૨૦/૦૧/૨૦૨૧ | | |
| | ફેંસલ થયા તારીખઃ | ૧૦/૦૯/૨૦૨૪ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૩ | ૦૭ | ૨૧ |

**બનાસકાંઠા જીલ્લાના એડીશનલ સેશન્સ જજ શ્રી આર.આર.દવે સાહેબની કોર્ટમાં, મુ.દિયોદર**

**સેશન્સ કેસ નંબર ૦૨/૨૦૨૧**
**આંક**–૩૨

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

વિરૂદ્ધ

**આરોપીઃ–** **હેમાજી મેવાજી ઠાકોર**
ઉ.વ.આ.૩૭,ધંધો–ખેતી
રહે.બલોધણ, તા.ભાભર, જી.બનાસકાંઠા

**ગુનોઃ–** ઈ.પી.કો.કલમ–૩૫૪(એ),૪૩૬, ૨૯૪(ખ),૫૦૬(૨) મુજબ

ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.વી.ઠાકોર

આરોપી પક્ષ તરફે વિ.વકીલશ્રી સી.એચ.સોલંકી

–// ઠ રા વ //–

૧. સદર આરોપી વિરૂદ્ધ ભાભર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં. ૧૧૧૯૫૦૦ ૭૨૦૦૫૩૭/૨૦૨૦ થી તા. ૨૫/૦૬/૨૦૨૦ નારોજ નોંધાયેલ અને સદર આરોપી વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ–૩૫૪(એ), ૪૩૬, ૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબ શિક્ષાનેપાત્ર ગુન્હાનું ચાર્જશીટ તપાસનીશ પોલીસ અધિકારીએ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ભાભર ની કોર્ટમાં રજુ કરેલ જે ચાર્જશીટ ક્રિ.કે.નં.૨૪૧/૨૦૨૦ થી દાખલ થયેલ. આ કામે ઈ.પી.કો.કલમ–૪૩૬ મુજબનો ગુનો સેશન્સ ટ્રાયેબલ ગુનો હોઈ વિદ્વાન નીચેની અદાલતે સદર કેસ અત્રેની અદાલત તરફ કમીટ કરતાં અત્રેની અદાલત સમક્ષ સદર કેસનો

સેશન્સ કેસ નં.૦૨/૨૦૨૧ પડેલ છે. સદર કેસમાં અત્રેની અદાલત દ્વારા પુરાવો નોંધી હાલનો ઠરાવ આપી તે રીતે સદરહું કેસનો નિર્ણય અને નિકાલ કરેલ છે.

૨. સદર આરોપી વિરૂદ્ધ આક્ષેપાયેલ ગુનામાં ફરીયાદ પક્ષે કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈકાલ બપોરના આશરે સાડા બારેક વાગ્યાના સુમારે ફરીયાદી, તેમના દિકરા તેમના ખેતરમાં બનાવેલ રહેણાંક ઘરે હાજર હતા તેવામાં ફરીયાદીના પડોશમાં રહેતા હેમાજી મેવાજી ઠાકોર હાથમાં લાકડી લઈ આવેલ અને ફરીયાદીને મનફાવે તેમ મા બેન સામી ગાળો બોલી કહેવા લાગેલ કે ઘર ખાલી કરી જતા રહો નહીતર જાનથી મારી નાંખીશું તેવું કહેતાં ફરીયાદીએ કહેલ કે આ અમારું પોતાનું ઘર છે ખાલી નહી કરૂં તેમ કહેતાં તે એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને બાથે થઈ ફરીયાદીની છાતી ઉપર હાથ નાંખી ઈજ્જત લેવાની કોશિષ કરતાં ફરીયાદીએ કુકવા કરતાં ખેતરમાં કામ કરતા ફરીયાદીના પતિ તથા ફરીયાદીના સાસુ દોડીને ઘરે આવી જતાં તે આ હેમાજી ફરીયાદીના ઘરની આગળ સીમેન્ટના પતરાનું બનાવેલ રસોડાની બાજુમાં લાકડાનું ભરેલ ત્રાટામાં આગ લગાડી ફરીયાદીના ઘરેથી જતો રહેલ અને જતા જતા કહેતો હત કે ફરી વાર લાગ મળ્યેથી જાનથી મારી નાંખીશુ તેવુ કહી તેના ઘરે જતો રહેલ અને ફરીયાદી તથા ફરીયાદીના પતિ તથા ફરીયાદીના સાસુએ પાણીથી રસોડામાં લગાડેલ આગ ઓલવેલ અને આ બાબતે ફરીયાદીના પતિએ ફરીયાદીના સસરાને તથા ફરીયાદીના અન્ય સગાવહાલાઓમાં વાત કરેલ, પરંતુ ફરીયાદીના કુટુંબી તથા ગામના આગેવાનો આવેલા અને ફરીયાદીને સમાધાન કરાવેલ, પરંતુ રાત્રીના સમયે આ હેમાજી ફરીથી ફરીયાદીને મા બેન સામી ભુડી ગાળો બોલેલ તથા મારી નાંખવાની જાસા ધમકીઓ આપેલ હોય, જેથી આ બાબતે ફરીયાદીને કાયદેસર ફરીયાદ કરવી હોય ફરીયાદીના પતિ તથા ફરીયાદીના માસા છગનજી રવજીજી ઠાકોર વાળઆઓને સાથે લઈ ફરીયાદીએ પો.સ્ટે.ઓ. ભાભર પોલીસ સ્ટેશન રૂબરૂ તા.૨૫/૦૬/૨૦૨૦ નારોજ ફરીયાદ જાહેર કરેલ છે.

૩. ઉપરોકત મતલબની ફરીયાદીએ ફરીયાદ આપતાં ફરજ પરના પી.એસ.ઓ.

શ્રીએ ઉપરોકત રજીસ્ટરથી ગુનો દાખલ કરી આગળની તપાસ, તપાસ કરનાર અમલદારને સોંપતાં તપાસ કરનાર અમલદારે પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદન મેળવી, આરોપીની શરીર સ્થિતિનું પંચનામું કરી, મુદ્દામાલ એફ.એસ.એલ. તપાસણી મોકલી આપી, એફ.એસ.એલ.સર્ટીફિકેટ મેળવી અને તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો આવતાં ઉપરોકત ગુનામાં ત.ક.અમલદારે આરોપી સામે લાખણી જયુ.મેજી.ફ.ક., કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે અને આરોપી સામે સેશન્સ ટ્રાયબલ ગુનો હોઈ નીચેની કોર્ટથી સદરહું કેસ અત્રેની કોર્ટમાં કમીટ થઈને આવેલ છે.

૪. ત્યારબાદ આરોપીને સમન્સ કરતાં મુદતે આરોપી તેમના વિ.વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ–૨૦૭ હેઠળ પોલીસ તપાસના કાગળો પુરા પાડી, ત્યારબાદ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ આંક–૧૧ થી આરોપી ઉપર તા. ૧૭/૦૭/૨૦૨૩ નારોજ ઈ.પી.કો.કલમ–૩૫૪(એ),૪૩૬,૨૯૪(ખ),૫૦૬(૨) મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવતાં આંક–૧૨ ના નિવેદનમાં આરોપીએ સદરે તહોમતનામાની ગુનાની હકીકતનો ઈન્કાર કરતાં સદરે આરોપી સામેના ગુનાના કામની ટ્રાયલ આગળ ચલાવેલ છે.

૫. આ કામે ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

**–મૌખિક પુરાવો–**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી ભોગ બનનાર | ૧૩ |
| ૨ | સાહેદ વશરામજી ભીખાજી ઠાકોર | ૧૫ |
| ૩ | સાહેદ ભીખાજી હઠાજી ઠાકોર | ૧૬ |
| ૪ | ત.ક.અ. પ્રવિણકુમાર લાલબાબુ આહિર | ૨૪ |

**–દસ્તાવેજી પુરાવો–**

| **ક્રમ** | **દસ્તાવેજનું નામ** | **આંક** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૪ |
| ૨ | સુચીપત્ર | ૨૫ |
| ૩ | એફ.એસ.એલ.અધિકારીનો સ્થળ પરીક્ષણ અહેવાલ | ૨૬ |
| ૪ | એફ.એસ.એલ.કચેરીમાં મોકલેલ તેની રવાનગી નોંધ | ૨૭ |
| ૫ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મળ્યાની પાવતી | ૨૮ |
| ૬ | એફ.એસ.એલ.રીપોર્ટ મોકલ્યાની પાવતી | ૨૯ |
| ૭ | એફ.એસ.એલ.રીપોર્ટ | ૩૦ |

૬. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ પ્રોસીકયુશન તરફે આંક–૩૧ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરતાં ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલો છે.

૭. ફરીયાદપક્ષે પુરાવો પુર્ણ થતાં ક્રિ.પ્રો.કો.કલમ–૩૧૩ મુજબ આરોપીનુ વધારાનુ નિવેદન લેવામાં આવેલુ, જેમાં આરોપીએ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે, આરોપી સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી કે આરોપી બચાવના સાહેદ તપાસવા માંગતા નથી અને આરોપી વિશેષ જવાબમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ હોઈ, તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૮. ત્યારબાદ ક્રિ.પ્રો.કો.કલમ–૨૩૪ હેઠળ ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.વી.ઠાકોર નાએ સરકાર તરફે દલીલ કરેલ છે કે, આરોપીએ ફરીયાદીને મનફાવે તેવી મા બેન સામી ભુડી ગાળો બોલી અપમાનીત કરી ઉશ્કેરાટનું કારણ આપી, ઘર ખાલી કરી જતા રહો નહીતર જાનથી મારી નાંખીશું તેવી જાસા ધમકી આપી, ફરીયાદીએ પોતાનુ ઘર હોવાનું અને ખાલી નહી કરવાનું કહેતાં, આરોપીએ ફરીયાદીને બાથે થઈ ફરીયાદીની છાતી ઉપર હાથ નાંખી ફરીયાદીની ઈજ્જત લેવાની કોશીષ કરી, ઘરની આગળ સીમેન્ટના પતરાનું બનાવેલ રસોડાની બાજુમાં લાકડાનું ભરેલ ત્રાટામાં આગ લગાડી નુકશાન કરી, ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપેલાનું ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાથી પુરવાર થાય છે અને એ રીતે ફરીયાદ પક્ષે તહોમતનામામાં આક્ષેપાયેલ ગુનો આરોપીએ કરેલાનું સાબીત કરેલ હોઈ, કાયદા મુજબ

આરોપીને શિક્ષા થવા દલીલ કરેલ છે.

૯. આરોપી તરફે વિ.વકીલશ્રી સી.એચ.સોલંકી નાએ રજુઆત કરેલ છે કે ફરીયાદ પક્ષે રજુ થયેલ ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી આરોપી સામે આક્ષેપિત ગુનો ફરીયાદીને મા બેન સામી ભુડી ગાળો બોલી અપમાનીત કરી ઉશ્કેરાટનું કારણ આપી, જાનથી મારી નાંખવાનીજાસા ધમકી આપી, આરોપીએ ફરીયાદીને બાથે થઈ ફરીયાદીની છાતી ઉપર હાથ નાંખી ફરીયાદીની ઈજ્જત લેવાની કોશીષ કરી, ઘરની આગળ સીમેન્ટના પતરાનું બનાવેલ રસોડાની બાજુમાં લાકડાનું ભરેલ ત્રાટામાં આગ લગાડી નુકશાન કરી, ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપેલાને વ્યાજબી શંકાથી પર પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. ફરીયાદી તથા સાહેદો હોસ્ટાઈલ થયેલ છે. જેથી ત.ક.અમલદારના પુરાવા તથા ત.ક.અમલદારશ્રીએ રજુ કરેલ દસ્તાવેજથી આરોપીએ આક્ષેપિત ગુનો કરેલાનું માની શકાય તેમ નથી. જેથી ફરીયાદ પક્ષ આરોપી સામે આક્ષેપિત ગુનો વ્યાજબી શંકાથી પર પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

૧૦. આ કામે કેસના નિર્ણય માટે નીચે જણાવ્યા પ્રમાણેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૨૪/૦૬/૨૦૨૦ નારોજ કલાક ૧૨.૩૦ વાગ્યાના સુમારે મોજે બલોધણ મુકામે આરોપીએ ફરીયાદીના ઘરે આવી, ફરીયાદીને મનફાવે તેમ મા બેન સામી ભુડી ગાળો બોલી અપમાનીત કરી ઉશ્કેરાટનું કારણ આપી, ઘર ખાલી કરી જતા રહો નહીતર જાનથી મારી નાંખીશું તેવી જાસા ધમકી આપી, ફરીયાદી એ પોતાનુ ઘર હોવાનું અને ખાલી નહી કરવાનું કહેતાં, આરોપીએ ફરીયાદીને બાથે થઈ ફરીયાદીની છાતી ઉપર હાથ નાંખી ફરીયાદી ની ઈજ્જત લેવાની કોશીષ કરી, ઘરની આગળ સીમેન્ટના પતરાનું બનાવેલ રસોડાની બાજુમાં લાકડાનું ભરેલ ત્રાટામાં આગ લગાડી નુકશાન

કરી, ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી આરોપીએ ઈ.પી.કો.કલમ–૩૫૪(એ),૪૩૬,૨૯૪(ખ),૫૦૬(૨) શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૧૧. ઉપરોકત મુદ્દા પરત્વેના મારા નિર્ણય અને કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

૧૨. ઉપરોકત નિર્ણય માટેના મારા કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નં.૧**

૧૩. આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૩૫૪(એ),૪૩૬,૨૯૪(ખ),૫૦૬(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે. ઇ.પી.કો. કલમ–૩૫૪(એ),૪૩૬,૨૯૪(ખ), ૫૦૬(૨) પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે આરોપી વિરૂધ્ધના તહોમતનામા મુજબના આક્ષેપીત ગુનાઓ પુરવાર કરવા માટે નીચે મુજબના સાહેદોને સોગંદ ઉપર તપાસેલ છે.

૧૪. ફરીયાદ પક્ષે મુળ ફરીયાદી/ભોગ બનનાર ને આંક–૧૩ થી સોગંદ ઉપર તપાસેલ છે, જેમાં તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, મારે સંતાનમાં બે દીકરા છે મોટો વિક્રમ અને તેનાથી નાનો કલ્પેશ છે. અમો બધા અમે બધા અમારા સાસુ સસરા સાથે રહીએ છીએ. બનાવ આશરે ત્રણેક વર્ષ પહેલા બનેલો. સાડા બારેક વાગ્યાના સુમારે હુ તથા મારા દીકરા ખેતરમાં ઘર બનાવેલ તે જગ્યાએ હાજર હતા. અમારા પડોશમાં રહેતા હેમાજી મેવાજી સાથે અમારે શેઢા બાબતે તકરાર થયેલી અને તે માટે સામાન્ય બોલાચાલી પણ થયેલી આ સિવાય બીજુ કઇ બનેલ નહી. મને કોઇ ગાળો બોલેલ નહી કે જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ નથી. મને કોઇ બાથે થઇ મારી છાતી પર હાથ નાંખી ઇજ્જત લેવાની કોશીષ કરેલ હોય તેવુ બનેલ નહી કે અમારા ઘરની આગળ સિમેન્ટના પતરાવાળુ બનાવેલ છાંપરને આગ

લગાડેલી હોય તેવુ કઇ બનેલ નથી. મને નિ.૦૩/૨ વાળી ફરીયાદ બતાવામા આવે છે જેમા મારા અંગુઠાનુ નિશાન છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ આંક–૧૪ આપવામાં આવે છે. ફરીયાદી તેમની જુબાનીથી ફરીયાદ હકીકતને સમર્થન આપતા ન હોય એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી, એ.પી.પી.શ્રીએ તેમની ઉલટતપાસ કરેલ જેમાં પણ ફરીયાદ પક્ષને સમર્થનકારી પુરાવો આવેલ નથી અને આરોપી તરફે થયેલ ઉલટતપાસમાં તેઓ એવું જણાવે છે કે એ વાત ખરી છે કે, ખાવાનુ બનાવતા હોય તેથી તણખુ ઉડેલ હોય અને અમારા છાપરાને આગ લાગેલી.

૧૫. ફરીયાદ પક્ષે સાહેદ વશરામજી ભીખાજી ઠાકોરને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસેલ છે, જેમાં તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, મારે સંતાનમાં બે દીકરા છે મોટો વિક્રમ અને તેનાથી નાનો કલ્પેશ છે. અમો બધા અમે બધા અમારા માતા પિતા સાથે રહીએ છીએ. બનાવ આશરે ત્રણેક વર્ષ પહેલા બનેલો. સાડા બારેક વાગ્યાના સુમારે મારી પત્ની મારો દીકરો ખેતરમાં ઘર બનાવેલ તે જગ્યાએ હાજર હતા. અમારા પડોશમાં રહેતા હેમાજી મેવાજી સાથે અમારે શેઢા બાબતે તકરાર થયેલી અને તે માટે સામાન્ય બોલાચાલી પણ થયેલી આ સિવાય બીજુ કઇ બનેલ નહી. મારી પત્નીને કોઇ ગાળો બોલેલ નહી કે જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ નથી. મારી પત્નને કોઇએ બાથે થઇ તેની છાતી પર હાથ નાંખી ઇજ્જત લેવાની કોશીષ કરેલ હોય તેવુ બનેલ નહી કે અમારા ઘરની આગળ સિમેન્ટના પતરાવાળુ બનાવેલ છાંપરને આગ લગાડેલી હોય તેવુ કઇ બનેલ નથી. પોલીસે મારુ નિવેદન લીધેલુ. સદર સાહેદ તેમની જુબાનીથી ફરીયાદ પક્ષે હકીકતને સમર્થન આપતા ન હોય એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી, એ.પી.પી.શ્રીએ તેઓની ઉલટતપાસ કરેલ જેમાં પણ ફરીયાદ પક્ષને સમર્થનકારી પુરાવો આવેલ નથી અને આરોપી તરફે થયેલ ઉલટતપાસમાં તેઓએ એવું જણાવે છે કે એ વાત ખરી છે કે, ખાવાનુ બનાવતા હોય તેથી તણખુ ઉડેલ હોય અને અમારા છાપરાને આગ લાગેલી.

૧૬. ફરીયાદ પક્ષે સાહેદ ભીખાજી હઠાજી ઠાકોરને આંક–૧૬ થી સોગંદ ઉપર

તપાસેલ છે, જેમાં તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, મારે સંતાનમાં ચાર દીકરા અને ત્રણ દીકરીઓ છે. અમો બધા અમારા ખેતરમા રહીએ છીએ. બનાવ આશરે ત્રણેક વર્ષ પહેલા બનેલો. સાડા બારેક વાગ્યાના સુમારે મારા દીકરાની પત્ની અને તેનો દીકરો ખેતરમાં ઘર બનાવેલ તે જગ્યાએ હાજર હતા. અમારા પડોશમાં રહેતા હેમાજી મેવાજી સાથે અમારે શેઢા બાબતે તકરાર થયેલી અને તે માટે સામાન્ય બોલાચાલી પણ થયેલી આ સિવાય બીજુ કઇ બનેલ નહી. મારા દીકરાની પત્નીને કોઇ ગાળો બોલેલ નહી કે જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ નથી. મારા દીકરાની પત્નીને કોઇએ બાથે થઇ તેની છાતી પર હાથ નાંખી ઇજ્જત લેવાની કોશીષ કરેલ હોય તેવુ બનેલ નહી કે અમારા ઘરની આગળ સિમેન્ટના પતરાવાળુ બનાવેલ છાંપરને આગ લગાડેલી હોય તેવુ કઇ બનેલ નથી. પોલીસે મારુ નિવેદન લીધેલુ. સદર સાહેદ તેમની જુબાનીથી ફરીયાદ હકીકતને સમર્થન આપતા ન હોય એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી, એ.પી.પી.શ્રીએ તેમની ઉલટતપાસ કરેલ જેમાં પણ ફરીયાદ પક્ષને સમર્થનકારી પુરાવો આવેલ નથી અને આરોપી તરફે થયેલ ઉલટતપાસમાં તેઓએ એવું જણાવે છે કે એ વાત ખરી છે કે, ખાવાનુ બનાવતા હોય તેથી તણખુ ઉડેલ હોય અને અમારા છાપરાને આગ લાગેલી.

૧૭. ફરીયાદ પક્ષે ત.ક.અમલદાર પ્રવિણકુમાર લાલબાબુ આહિરને આંક–૨૪ થી સોગંદ ઉપર તપાસેલ છે. જેમાં તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આ બનાવના અરસામાં હું ભાભર પો.સ્ટે.માં પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન તા.૨૫/૦૬/૨૦૨૦ નારોજ ભોગ બનનાર રહે.બલોધણ વાળાની પી.એસ.ઓ.રૂબરૂની ફરીયાદ આવતાં તે ફરીયાદ ભાભર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૫૩૭/૨૦૨૦, ઈ.પી.કો.કલમ–૩૫૪(એ),૪૩૬,૫૦૬(૨), ૨૯૪(ખ) મુજબનો ગુનો રજીસ્ટરે લઈ આ ગુનાની પ્રથમ તપાસ પો.સ.ઈ.શ્રી જી.કે.જાડેજાએ કરેલી. ત્યારબાદ આ ગુનાની તપાસ મને સોંપવામાં આવતાં તપાસના કામે આંક–૧૭ થી પંચોને સાથે રાખી પંચોના લખાવ્યા મુજબનું ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું, આંક–૧૮ થી પંચોને સાથે રાખી પંચોના લખાવ્યા મુજબનું આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામું કરેલું, એફ.એસ.

એલ.અધિકારીએ તૈયાર કરેલ પરીક્ષણ અહેવાલ મેળવેલો, એફ.એસ. એલ.રીપોર્ટ મેળવેલો. તપાસના કામે મે સાહેદોના લખાવ્યા મુજબના નિવેદનો લખેલા, પંચોના લખાવ્યા મુજબના પંચનામા કરેલા, આરોપી સામે પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં આ ગુંનાનું ચાર્જશીટ મે કરેલું. ત.ક.અમલદારે તેમની જુબાની દરમ્યાનમાં આંક–૨૫ થી સુચીપત્ર, આંક–૨૬ થી એફ.એસ.એલ.અધિકારીએ સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરેલ, આંક–૨૭ થી એફ.એસ.એલ.કચેરીમાં મોકલેલ તેની રવાનગી નોંધ, આંક–૨૮ થી મુદ્દામાલ એફ.એસ.એલ.માં મળ્યાની પાવતી, આંક–૨૯ થી એફ.એસ. એલ.રીપોર્ટ મોકલ્યાની પાવતી, આંક–૩૦ થી એફ.એસ.એલ. રીપોર્ટ રજુ કરેલ છે.

૧૭.૧ આરોપી તરફે થયેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે એ વાત ખરી નથી કે, મેં સાહેદોના નિવેદન મારી જાતે લખી લીધેલ, તપાસના કામે તટસ્થ સાહેદોના નિવેદન લીધેલ નથી. મેં ખોટા પંચનામા કરેલા છે, મેં તૈયાર પંચનામામાં પંચોની સહી કરાવેલ છે અને હું પંચોને ગુનાવાળી જગ્યાએ લઇ ગયેલ નહી અને પંચોને સમજ આપેલ નહી અને આરોપી વિરૂધ્ધ ખોટી તપાસ કરેલ છે અને પુરતો પુરાવો ન હોવા છતાં ગુના કામે ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

૧૮. ફરીયાદ પક્ષે આરોપી વિરૂદ્ધ ઈ.પી.કો.કલમ–૩૫૪(એ),૪૩૬,૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબ શિક્ષાનેપાત્ર ગુના અંગેનુ તહોમત છે. હવે ફરીયાદ પક્ષે કેસના સમર્થનમાં રજુ થયેલ પુરાવો જોતાં હાલના કીસ્સામાં ફરીયાદ પક્ષના કેસ મુજબ તા.૨૪/૦૬/૨૦૨૦ નારોજ કલાક ૧૨.૩૦ વાગ્યાના સુમારે મોજે બલોધણ મુકામે આરોપીએ ફરીયાદીના ઘરે આવી, ફરીયાદીને મનફાવે તેમ મા બેન સામી ભુડી ગાળો બોલી અપમાનીત કરી ઉશ્કેરાટનું કારણ આપી, ઘર ખાલી કરી જતા રહો નહીતર જાનથી મારી નાંખીશું તેવી જાસા ધમકી આપી, ફરીયાદીએ પોતાનુ ઘર હોવાનું અને ખાલી નહી કરવાનું કહેતાં, આરોપીએ ફરીયાદીને બાથે થઈ ફરીયાદીની છાતી ઉપર હાથ નાંખી ફરીયાદીની ઈજ્જત લેવાની કોશીષ કરી, ઘરની આગળ સીમેન્ટના પતરાનું બનાવેલ રસોડાની બાજુમાં લાકડાનું ભરેલ ત્રાટામાં આગ લગાડી નુકશાન

કરી, ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપેલાનું તહોમત છે. આ અર્થે ફરીયાદ પક્ષનો ઉપર જણાવ્યા મુજબનો મૌખિક પુરાવો વંચાણે લેતાં અને ખાસ કરીને આંક–૧૩ ફરીયાદી/ભોગ બનનાર, આંક–૧૫ વશરામજી ભીખાજી ઠાકોર (ભોગ બનનારના પતિ), આંક–૧૬ સાહેદ ભીખાજી હઠાજી ઠાકોર (ભોગ બનનારના સસરા)ને તપાસેલ છે અને આ સાહેદો કે જે ફરીયાદ પક્ષના કેસના મહત્વના અને જેને પ્રાઈમ વીટનેશ કહી શકાય તેવા સાહેદ છે તે ભોગ બનનાર ખુદ ફરીયાદીનાઓ તેમની જુબાનીથી ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થનકારી હકીકતો જણાવતા નથી. તેવી જ રીતે ભોગ બનનારના પતિ સાહેદ વશરામજી ભીખાજી ઠાકોર તથા ભોગ બનનારના સસરા સાહેદ ભીખાજી હઠાજી ઠાકોર નાઓ પણ તેમની જુબાનીથી ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થનકારી હકીકતો જણાવતા ન હોવાના કારણે આ ફરીયાદી/ભોગ બનનાર તથા ભોગ બનનારના પતિ તથા સસરા આ સાહેદોને ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદો જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપ્યા બાદ ઉલટ તપાસ દરમ્યાન પણ ફરીયાદી/ભોગ બનનાર તથા સાહેદો ફરીયાદ પક્ષને સમર્થનકારી હકીકતો જણાવતા નથી અને ફરીયાદ પક્ષના આ ફરીયાદી/ભોગ બનનાર તથા સાહેદો ખેતરમાં ઘર બનાવેલ તે જગ્યાએ રહેતા હોય, ફરીયાદી/ભોગ બનનારના પડોશમાં રહેતા આરોપી હેમાજી મેવાજી સાથે ફરીયાદી તથા સાહેદોને શેઢા બાબતે તકરાર થયેલી અને તે માટે સામાન્ય બોલાચાલી થયેલી આ સિવાય બીજું કંઈ બનેલ નહી, ફરીયાદી/ભોગ બનનારને કોઈ ગાળો બોલેલ નહી કે જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ નહી કે ભોગ બનનારને કોઈ બાથે થઈ ભોગ બનનારની છાતી પર હાથ નાંખી ઈજ્જત લેવાની કોશિષ કરેલ હોય તેવું બનેલ નહી કે ભોગ બનનારના ઘરની આગળ સિમેન્ટના પતરાવાળુ બનાવેલ છાપરાને આગ લગાડેલ હોય તેવું કંઈ બનેલ નથી અને ખાવાનું બનાવતા હોય તણખુ ઉડેલ તેથી તેમના છાપરાને આગ લાગેલી તેવો ફરીયાદી/ભોગ બનનાર તથા ભોગ બનનારના પતિ તથા ભોગ બનનારના સસરા સાહેદો નાઓ સ્પષ્ટ પુરાવો આપે છે. જયારે ફરીયાદી/ભોગ બનનાર તથા ભોગ બનનારના પતિ તથા ભોગ બનનારના સસરા સાહેદો અદાલત સમક્ષ હોસ્ટાઈલ જાહેર થયેલ હોઈ

આ તમામ સાહેદો વિશ્વસનીય યાને ટ્રસ્ટવર્ધી કહી શકાય નહી. જ્યારે ખુદ ફરીયાદી/ભોગ બનનાર તથા સાહેદ વશરામજી ભીખાજી તથા ભીખાજી હઠાજી નાઓ અદાલત સમક્ષ ફરી ગયેલા જાહેર થયેલ હોઇ, તેવા સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

૧૮.૧ આરોપીએ ગુનાવાળી જગ્યાનું પંચનામું કબુલ રાખેલ છે અને આરોપીના શેરા અન્વયે આંકે પાડી પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે જે આંક–૧૭ થી રજુ છે. આ પંચનામા મુજબ બલોધણ સીમમાં ભીખાજી હઠાજી ઠાકોરના ખેતરમાં બનાવેલ રહેણાંકના ઘરના ઉત્તર પુર્વના ખુણાના ભાગે ૧૧બાય૧૦ ફુટની ઓરડી અને તેની આગળ દક્ષિણ દિસા તરફ સિમેન્ટના પતરાવાળું ભોયતળીયે લીંપણ કરેલ છાપરૂં આવેલ છે તેની ફરતે લાકડાનું ત્રાટું શારે ૧૧ બાય ૮.૬ ફુટની  લંબાઈ પહોળાઈનો સિમેન્ટનો થાંભલાઓવાળુ બનાવેલ તેમાં કાળા મેશ અને કાળા ડાઘ જણાતાં એફ.એસ.એલ.અધિકારીશ્રીની સુચના મુજબ સ્થળ પરથી બળેલ અર્ધ બળેલ અવશેષોના નમુના રસોડાના ભાગેથી તથા રસોડાના બહારના ભાગેથી અનુક્રમે માર્ક એ. અને બી. થી કબજે લીધેલા અને ગુનાવાળી જગ્યાની બાજુમાંથી કંટ્રોલ સેમ્પલ તરીકે માટી માર્ક સી. થી કબજે લીધેલી. આ પંચનામું આંક–૧૭ તથા સ્થળ પરીક્ષણ અહેવાલ આંક–૨૬ વંચાણે લેતાં આંક–૧૭ માં જણાવેલ બનાવવાળી જગ્યાનો આગ લાગેલી ત્યાંથી એફ.એસ.એપલ. રીપોર્ટ આંક–૩૦ મુજબ નમુના માર્ક એ.બી. અને સી. માં પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બનની હાજરી શોધાયેલી નહી તેવો રીપોર્ટ હોઈ તેવા આ તમામ દસ્તાવેજી પુરાવા પરથી બનાવવાળી જગ્યાએ આગ લાગેલાનું માનવામાં આવે તો પણ ફરીયાદ પક્ષના કો્ી સાહેદો મુળ ફરીયાદી, તેના પતિ તથા તેના સસરા અદાલત સમક્ષની સોગંદ પરની જુબાનીમાં આરોપીએ સદર ઓરડીનો નાશ કરવાના ઈરાદાથી આગ લગાડીને બગાડ કરેલો હોય અને આરોપીએ નુકશાન થશે અથવા નાશ થશે અથવા નાશ થવાની સંભાવના સાથે ઈરાદાપુર્વક જાણતા હોવા છતાં બગાડ કર્યો હોય તેવો લેશમાત્ર હકીકત સોગંદ પરની જુબાનીમાં સદર સાહેદો જણાવતા ના હોય આરોપીને ઈ.પી.કો.કલમ–૪૩૬ ના ગુના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં તપાસ કરનાર અમલદારશ્રીએ

તપાસને અનુરૂપ સોગંદ પર જુબાની આપેલ હોઇ જ્યારે ફરીયાદ પક્ષના મહત્વના સાહેદો જ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી હકીકતો જણાવતા ન હોઇ તેવા સંજોગોમાં તપાસ કરનાર અમલદારશ્રીની સોગંદ પર જુબાની કે તપાસ કરનાર અમલદારશ્રીએ તેમની જુબાની દરમ્યાનમાં રજુ કરેલ દસ્તાવેજી પુરાવા આંક–૨૫ થી આંક–૩૦ ઓ ઉપર આધાર રાખીને આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોઇ, ઉપરોકત તમામ ચર્ચાના અંતે ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમતનામા મુજબના તહોમતો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

૧૯. આમ, ઉપરોકત સમગ્ર ચર્ચાના અંતે ફરીયાદી/ભોગ બનનાર, ફરીયાદીના પતિ તથા ફરીયાદીના સસરા નાઓ આરોપી સાથે શેઢા બાબતે તકરાર થયેલી અને સામાન્ય બોલાચાલી થયેલાનું જણાવતા હોઇ હાલના આરોપીએ તા.૨૪/૦૬/૨૦૨૦ નારોજ કલાક ૧૨.૩૦ વાગ્યાના સુમારે મોજે બલોધણ મુકામે ફરીયાદીના ઘરે આવી, ફરીયાદીને મનફાવે તેમ મા બેન સામી ભુડી ગાળો બોલી અપમાનીત કરી ઉશ્કેરાટનું કારણ આપી, ઘર ખાલી કરી જતા રહો નહીતર જાનથી મારી નાંખીશું તેવી જાસા ધમકી આપી, ફરીયાદીએ પોતાનુ ઘર હોવાનું અને ખાલી નહી કરવાનું કહેતાં, આરોપીએ ફરીયાદીને બાથે થઈ ફરીયાદીની છાતી ઉપર હાથ નાંખી ફરીયાદીની ઈજ્જત લેવાની કોશીષ કરી, ઘરની આગળ સીમેન્ટના પતરાનું બનાવેલ રસોડાની બાજુમાં લાકડાનું ભરેલ ત્રાટામાં આગ લગાડી નુકશાન કરી, ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપેલાનું ફરીયાદ પક્ષ સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ હોઇ અને આરોપીએ આક્ષેપિત ગુનો કરેલાને પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાને પર પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઇ જેથી ફરીયાદ પક્ષ આરોપી સામે આક્ષેપિત ગુનો નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ, આરોપીને તેમની સામેના ઇ.પી.કો. કલમ–૩૫૪(એ),૪૩૬, ૨૯૪(ખ),૫૦૬(૨) મુજબ તકસીરવાન ઠેરવી શકાય તેમ ન હોઇ, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

(૧) આરોપી– **હેમાજી મેવાજી ઠાકોર,** ઉ.વ.આ.૩૭,ધંધો–ખેતી, રહે.બલોધણ, તા.ભાભર, જી.બનાસકાંઠા નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૫૪(એ),૪૩૬, ૨૯૪(ખ),૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ ગુનાનો મુદ્દામાલ બળેલા અર્ધબળેલા અવશેષો તથા કંટ્રોલ સેમ્પલ માટી નો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

(૩) ક્રિ.પ્રો.કો.કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂ.૧૫,૦૦૦/– ના જાત જામીન તથા તેટલીજ રકમના સદ્ધર જામીન રજુ કરવા.

આ હુકમ આજ તા.**૧૦મી,** માહે–**સપ્ટેમ્બર,** સને–**૨૦૨૪** નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ–દિયોદર
તા.૧૦/૦૯/૨૦૨૪

(રાજેશ રમણીકલાલ દવે)
એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–દિયોદર
કોડનં.જીજે.૦૦૬૦૧